જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૩૦/૧૮

**ઘાટલોડીયાઃ** પ્રકાશભાઇ સુધાકરભાઇ શાહ (રહે. ગોપાલ ટાવર ગુલબાઇ ટેકરા આંબાવાડી) એ તા.૨૬/૭/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૫/૧૮ ના અઠવાડીયા અગાઉ આરોપી (૧) નિશાબેન સોની અને (૨) રીતેષ શેઠ (રહે. સુદર્શન ટાવર થલતેજ) એ ભેગા મળી ઘાટલોડીયા સી.પીનગર ગીરીધર આવાસ ધ્યાના અગરબતી વર્કસ નામની દુકાન ખાતે અગરબત્તીનો માલ કિમત રૂપિયા ૮,૫૨,૩૯૨/- મંગાવી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રીમતી ગીતાબહેન રામજીભાઈ ચલાવે છે.

**વાડજઃ** કમલકુમાર કિશનભાઈ કનોજિયા (ઉ.વ.૫૫) (રહે. શ્રેયા એપાર્ટમેનટ કેશવબાગ વાડી નજીક રામાપીરનો ટેકરો નવા વાડજ) એ તા.૨૬/૭/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૭/૧૮ થી તા.૨૧/૭/૧૮ દરમ્યાન આરોપી અજાણી વ્યક્તિએ અલગ-અલગ મોબાઈલ નંબરથી કમલકુમારને ફોન કરી કુલ્લુ-મનાલીના હોટલના વાઉચર તથા તેની સાથે ૪૨ ઈંચની એલ.ઈ.ડી. ટી.વી.આપવાનુ જણાવી વિશ્વાસમાં લઈ કમલકુમાર પાસેથી કુલ રૂપિયા ૧૩,૪૯૮/- એક્સિસ બેન્કના તેઓના ખાતામાં ભરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એ.રાઠવા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૧/૧૮</u>**

**વટવાઃ** વિમલકુમાર સ/ઓ વંસતલાલ શાહ (રહે. વૈકુંઠ એપાર્ટમેન્ટ કેડીલાબ્રિજની બાજુમા વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૮ સાજના ૭/૦૦ થી તા.૨૬/૭/૧૮ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૪,૨૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૯,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૨/૧૮</u>**

**નારોલઃ** નારાયણલાલ જગરૂપજી (રહે. ગોકુલનગર રાધે કૃષ્ણ મંદીર સામે મોતીપુરા રોડ શાહવાડી નારોલ) એ તા.૧૯/૭/૧૮ રાતના ૯/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની મહીન્દ્રા પીકઅપ ગાડી નંબર જીજે ૦૮ વી ૪૧૪૪ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૦/૭/૧૮ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નારાયણલાલે તા.૨૬/૭/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.પરમાર ચલાવે છે.

**<u>જીવજંતુ કરડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૩/૧૮</u>**

**નારોલઃ** નારોલ પીપળજ-પીરાણા રોડ ગણેશનગરના છાપરાં ખાતે રહેતા રાજુભાઇ રમેશભાઇ મરીસુસરકાર (ઉ.વ.૩૫) નાઓની પુત્રી મારૂતિ (ઉ.વ.૫) ને પોતાના ઘરે તા.૨૪/૭/૧૮ વહેલી સવારે ડાબા હાથ ઉપર કોઈ ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર માટે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યા સારવાર દરમ્યાન તા.૨૬/૭/૧૮ કલાક ૫/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.